વર્ષ: ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર (મહેસૂલ)
માંથી SDRF હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
હુકમ ક્રમાંક: બજટ/૧૦૨૦૨૧/૧૮૮/સ-૪
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૮/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો તા.૧૬.૦૬.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપબ/ ૧૦૨૦૨૧/ ૧૧૧/ ક

(૨) ભારત સરકારનાગૃહ મંત્રાલયનો તા.૦૮/ ૦૪/ ૨૦૧૫નો પત્ર ક્રમાંક નં. 32-7/2014-NDM-I

(૩) મહેસૂલ વિભાગનો તા.૨૭.૦૪.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3

(૪) મહેસૂલ વિભાગની ફાઇલ ક્રમાંક: CLS/102021/992/S-3 પર તા.૨૮.૦૭.૨૦૨૧ના રોજ મળેલ State Executive Committeeની મંજૂરી.

**હુકમ :**

રાજયમાં મે-૨૦૨૧માં આવેલ Tauktae વાવાઝોડાથી રાજ્યના વીજ વિતરણ અને વીજ પ્રવાહન માળખાને નુકશાન થયેલ છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા SDRFમાંથી સહાય મેળવવા માટે મહેસૂલ વિભાગને દરખાસ્ત કરેલ છે. વંચાણે લીધા (૪)થી State Execitive Commiitteeએ SDRFમાંથી રૂ.૨૦૦.00 કરોડ (અંકે રૂપિયા બસો કરોડ પુરા)ની ગ્રાન્ટ ફાળવવા મંજુરી આપેલ છે.

આથી, માંગણી ક્રમાંક: ૭૯, મુખ્ય સદર: ૨૨૪૫ (કુદરતી આફતો અંગે રાહત) હેઠળના પેટા સદર ૦૨-૮૦૦-૦૨ (હેતુ સદર સી-૫) (અન્ય જાહેર મિલ્કતોની મરામત/પુનઃસ્થાપન) સદરે રૂ. ૨૦૦.૦૦ કરોડ (અંકે રૂપિયા બસો કરોડ પુરા)ની ગ્રાન્ટ SDRFમાંથી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને નીચે દર્શાવેલ શરતોને આધીન ફાળવવામાં આવે છે.

**શરતો :**

- ફાળવેલ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવા માટે ભારત સરકારના તા.૦૮.૦૪/૨૦૧૪ના ઠરાવની શરતોનું પાલન કરવાની જવાબદારી સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની રહેશે.
- સદર ગ્રાન્ટથી થતા કામો Immediate Relief પ્રકારના હોવા જોઇએ.
- ખર્ચ થયા બાદ Grant utilization certificate રજુ કરવાનું રહેશે અને વધારાની ગ્રાન્ટ પરત કરવાની રહેશે.
- સદર ગ્રાન્ટ SDRFના નિયમ અનુસાર હોય તેવા કિસ્સામાંજ ગ્રાન્ટની ફાળવણી કરવી.
- ઉક્ત તમામ નિયમોનું પાલન કરવાની તથા ગ્રાન્ટ સંબંધે કરેલ ખર્ચ અંગે સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ જવાબદેહ રહેશે.
- આ ગ્રાન્ટ અંગેનો ખર્ચ/ફાળવણી વંચાણે લીધા (૨) અને (૩) ની જોગવાઇઓને ધ્યાને લઇને કરવાનો રહેશે.
- આ અંગેના તમામ હિસાબો મુખ્ય હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા નિભાવવામાં આવતા થતા હોઇ, કરેલ ખર્ચના હિસાબો પછીના માસની પાંચ તારીખ સુધીમાં અચૂક મોકલવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયેશ પંચાલ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ.

- ઉપ સચિવશ્રી (બજેટ), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવલાય, ગાંધીનગર.
- મુખ્ય હિસાબી અધિકારી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના-</u>

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાયબ એકાઉન્ટન્ટ જનરલની કચેરી, ઓડીટ ભવન સામે, નવરંગપુરા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ
- સેકશન અધિકારી (સ-૩) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ સ-૪ શાખા